सत्यमेव जयते

**મહેરબાન ૩૬માં એડીશનલ ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૦૪ માં, મું.અમદાવાદ**

દાખલ તારીખ 28/3/24

નોંધણી તારીખ 28/3/24

ફેસલ તારીખ 22/10/24

**ફો.કેસ નં. 38772/2024**

**આંક:–**

**ગુનો: ભારતીય દંડ સંહિતાની કલમ – 324, 323, 294(KH), 506(2), 427, 114 તથા જીપી એક્ટની કલમ 135(1) મુજબનો .**

**ફરીયાદી:–**

| | |
|---|---|
| ફરીયાદી | ગુજરાત સરકારશ્રી |
| ફરિયાદ આપનાર | ફૈજાનખાન શહેઝાદખાન પઠાણ |
| ફરીયાદી તરફે | **વિદવાન .એ.પી.પી.શ્રી ગોસ્વામી** |
| આરોપીઓ | 1) NAVED JAVEDBHAI SHEKH<br>2) MOHAMAD AASAN JAVEDBHAI SHEKH<br>3) MOHAMAD SHAHRUKH MEHAMUD HUSEN SHEKH<br>4) SHAHANVAJ CHANDBHAI SHEKH<br>ચારેય રહે – M NO–448/12 DOCTARNI CHALI USHASINEMA ROAD GOMATIPUR AHMEDABAD |
| આરોપીઓ તરફે | **વિ. વ. શ્રી એમ. એ. કાદરી** |

**મૌખિક પુરાવા:–**

| | |
|---|---|
| ફરિયાદી ફૈજાનખાન શહેઝાદખાન પઠાણ ની સોગંદ પરની જુબાની | આંક –8 |

**દસ્તાવેજી પુરાવા:–**

| | |
|---|---|
| ફરિયાદ | આંક – 9 |
| પંચનામુ | આંક – 10, 11 |
| સારવાર સર્ટીફીકેટ | આંક – 12 |
| ક્લોઝીંગ પુરસીસ | આંક – 14 |

**–:: ચુ કા દો ::–**

**૧.** ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીઓએ ગઈ તા. 18/11/23 ના રાત્રની સાડા બારેક વાગ્યાના સુમારે ફરિયાદીના ઘર આગળ જાહેરમાં ઉભા રહી ગાળાગાળી કરતા હોય ફરિયાદીએ ના પાડતાં, આરોપીઓએ ફરિયાદીને બિભત્સ ગાળો આપી, આરોપી નં. ૧નાએ લોખંડના સળિયાથી ફરિયાદીને મારી, મહે. પો. કમિ.શ્રીની કચેરીના જાહેરનામાનો ભંગી કરી , ભારતીય દંડ સંહિતાની કલમ – 324, 323, 294(KH), 506(2), 427, 114 તથા જીપી એક્ટની કલમ 135(1) મુજબનો ગુનો ગોમતીપુર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં. 11191018231538/2023 થી નોંધાયેલ. તે સંદર્ભે તપાસ કરનાર અમલદારે જરૂરી કાર્યવાહી હાથ ધરી આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ કરતા હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

**૨.** આ કામનાં આરોપીઓ કોર્ટમાં હાજર થતાં પોલીસ તપાસનાં કાગળો મળી ગયાની ખાતરી કરી આરોપીઓ વિરુધ્ધ આંક– 3 તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવવામાં આવેલ છે, ત્યારબાદ આંક– 4 થી 7 પ્લી લેતા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા ન્યાયની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**3.** સદર કામે ફરીયાદપક્ષનો પુરાવો રજુ થઈ જતાં વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાઈ આવતો ના હોય, આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી, ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીઓ તરફેનાં વિ.વકીલશ્રીની મૌખિક દલીલ સાંભળી.

**૪.** ઉપરોકત સંજોગોમાં મારા નિર્ણય માટે નીચે મુજબનાં મુદદાઓ ઉપસ્થિત થાય છે.

– :: **મુદ્દા** :: –

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામનાં આરોપીઓએ ગઈ તા. 18/11/23 ના રાત્રની સાડા બારેક વાગ્યાના સુમારે ફરિયાદીના ઘર આગળ જાહેરમાં ઉભા રહી ગાળાગાળી કરતા હોય ફરિયાદીએ ના પાડતાં, આરોપીઓએ ફરિયાદીને બિભત્સ ગાળો આપી, આરોપી નં. ૧નાએ લોખંડના સળિયાથી ફરિયાદીને મારી, મહે. પો. કમિ.શ્રીની કચેરીના જાહેરનામાનો ભંગી કરી, ધી ઈ.પી.કો. કલમ 324, 323, 294(KH), 506(2), 427, 114 તથા જીપી એકટની કલમ 135(1) મુજબનો ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

**૫.** આ કામે ઉપરોક્ત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છેઃ

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

૬. ઉપરોકત જવાબ અંગેનાં કારણો નીચે મુજબ છે.

**<u>-: કા ર ણો :-</u>**

**૭. મુદા નં.૧ ચર્ચા :-**

ઉપરોકત તમામ હકીકત ધ્યાને લઈએ તો આ કામનાં આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ - 324, 323, 294(KH), 506(2), 427, 114 તથા જીપી એક્ટની કલમ 135(1) મુજબના ગુન્હાનો આક્ષેપ છે. આ કામનાં આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષે રહેલ છે. ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાની હકીકત ધ્યાને લેવામાં આવે તો આ કામે ફરીયાદપક્ષે ફરીયાદી ફૈજાનખાન શહેઝાદખાન પઠાણ નાઓને આંક- 8 થી સોંગદ ઉપર તપાસતા તેઓ જણાવે છે કે, " બનાવ એકાદ વર્ષ અગાઉ બનેલો. બનાવના દિવેસ બુમો પાડવા અંગે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી. અને તે સમયે માણસોનુ ટોળુ ભેગુ થઈ જતા ત્યા ધક્કામુક્કીમા પડી જવાથી ફરિયાદીને ઈજા થયેલી જેથી તેઓએ શારદાબેન હોસ્પિટલમા સારવાર લીધેલ અને પોલીસ ફરિયાદ આપેલ. હવે આ કામે તેઓને કોઇ વધુ પુરાવા રજુ કરવા નથી." આમ ફરીયાદીના પુરાવો વંચાણે લેવામાં આવે તો સદરહું ફરીયાદી તેમનાં પુરાવામાં આંક- 9 થી રજુ થયેલ ફરીયાદમાં ફરિયાદીની સહી સિવાય મહત્વની હકીકતોને સમર્થન કરતા ન હોય ફરીયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. તેમજ પરવાનગીથી વિગતવારની ઉલટતપાસ કરતા ફરીયાદ મુજબની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી. તેમજ બચાવપક્ષ દ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમા આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી અને ધક્કામુક્કીમા પડી જવાથી તેઓને ઈજા થયેલી તેમજ ટોળામા કોના હાથમા શુ હથિયાર હતુ અને કોણ ગાળો બોલતુ હતુ તેની તેઓને જાણ નથી એવુ સ્પષ્ટપણે કબુલ કરતા હોય, ફરીયાદપક્ષે જે આંક-9 વાળી ફરીયાદ આપવામાં આવેલ છે તે મુજબની હકીકતોને ફરીયાદપક્ષે પુરવાર કરવામાં આવેલ નથી. વધુમાં ફરીયાદપક્ષે આંક- 14 થી કલોઝીંગ પુરસીસ આપવામાં આવેલ હોય, સદરહું કામ એક માત્ર ફરીયાદી ને આ કામે રેકર્ડ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓ દ્વારા પણ આરોપી વિરુધ્ધની કોઈ જ હકીકત જણાવતા નથી. જેથી ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી આ કામનાં આરોપીએ તહોમત મુજબનો ગુન્હો કરેલ હોય તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે તેમ મારુ નમ્રપણે માનવું છે. જેથી આ કામનાં આરોપીઓએ ભારતીય દંડ

સંહિતાની કલમ – 324, 323, 294(KH), 506(2), 427, 114 તથા જીપી એક્ટની કલમ 135(1) મુજબનો સજાને પાત્ર ગુન્હા કરેલા છે કે કેમ ? તે સાબિત કરવામાં ફરીયાદપક્ષ સદતંર નિષ્ફળ રહેલ હોય જેથી મુદદા નં.૧ નો મારો નિર્ણય 'નકારમાં ' આપી મુદદા નં.ર પરત્વે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

– આ કામનાં આરોપીઓ – 1) NAVED JAVEDBHAI SHEKH 2) MOHAMAD AASAN JAVEDBHAI SHEKH 3) MOHAMAD SHAHRUKH MEHAMUD HUSEN SHEKH 4) SHAHANVAJ CHANDBHAI SHEKH ચારેય રહે – M NO–448/12 DOCTARNI CHALI USHASINEMA ROAD GOMATIPUR AHMEDABAD નાઓને ભારતીય દંડ સંહિતાની કલમ – 324, 323, 294(KH), 506(2), 427, 114 તથા જીપી એક્ટની કલમ 135(1) મુજબના ગુન્હાના કામે પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–437(એ) મુજબ અપીલ સમય સુધીના જામીન તેમજ તેટલી જ રકમના જાતમુચરકા આપવાના રહેશે.

હુકમ આજરોજ વાંચી, સંભળાવી, સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખઃ 22/10/24
અમદાવાદ.

(હીના જીતેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ)
૩૬માં એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૪, અમદાવાદ.
યુનિક કોડ નં. જીજે–૦૧૧૭૨

ડી. કે. ઝાલાવાડીયા – પી. એ.